ગાંધીનગર સમાચાર

ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં ચાલકોના લાયસન્સ રદ કરવા માંગણી

## @ગાંધીનગર

● મગોડીમાં અન્નપૂર્ણા મંદિર ખાતે સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન અન્નકૂટ દર્શનનો કાર્યક્રમ યોજાશે.

● ભારતીય વિચાર મંચ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સેકટર-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે વિચાર ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાશે.

● અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા વિનય વિહાર ગૌશાળા ખાતે બપોરે ૨.૩૦ કલાકે 'કાંકરેજ ગાય આપણા આંગણે' વિષય અંતર્ગત ગૌ સંમેલન યોજાશે.

● ગોપી મહિલા મંડળ તથા વસાહત મંડળ સે-૧૩-સી દ્વારા આયોજિત કથાના ૬ઠ્ઠા દિવસે બપોરે ૧ થી ૬ કલાક દરમિયાન બાળ લીલાનો કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૨ પ્રાથમિક શાળા ખાતે સવારે ૯ કલાકે રકતદાન કેમ્પ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦ કલાકે સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ ધ્યાન શિબિર યોજાશે.

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ઘોડા છુટયા પછી તબેલાને તાળુ મારવા જેવો ઘાટ

## કોંગ્રેસની ટીમ બસમાં અમદાવાદ પહોંચી ગઈને પોલીસ શહેરમાં શોધતી રહી

### અમદાવાદમાં કોંગ્રેસ આયોજીત દમન પ્રતિકાર રેલીમાં કોંગી કાર્યકરો પહોંચી ન જાય તે માટે અટકાયતી પગલા ભરવા પોલીસ દોડતી હતી...!


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૫

અમદાવાદમાં કોંગ્રેસ આયોજીત દમન પ્રતિકાર રેલીને પોલીસ દ્વારા મંજુરી મળી ન હતી જેને પગલે ત્યાં અન્ય જિલ્લાના કોંગી કાર્યકરો પહોંચી ન જાય તેનું પણ ખાસ ધ્યાન રખાયું હતું. ગાંધીનગરના કોંગ્રેસના કાર્યકરોની ટીમ બસમાં અમદાવાદ પહોંચી હઈ હતી અને ગાંધીનગર પોલીસ કાર્યાલય આસપાસ તથા શહેર વિસ્તારમાં શોધતી રહી ગઈ હતી.

દમન પ્રતિકાર રેલીનું કોંગ્રેસ દ્વારા આજે અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી પણ કોંગી કાર્યકરો ઉપસ્થિત રહે તેવા ઈનપુટ હતાં. આ રેલીને પોલીસ દ્વારા મંજુરી આપવામાં આવી ન હતી જેથી અન્ય જિલ્લાના કાર્યકરો અમદાવાદ પહોંચે નહી તે માટે રાજયભરની પોલીસને સતર્ક રહેવા તથા અટકાવવા સુચનાઓ આપવામાં આવી હત. ગાંધીનગરના કોંગી આગેવાનો સવારથી જ બસમાં કાર્યકરોની ફોજ લઈને અમદાવાદ પહોંચી ગયા હતા અને ગાંધીનગરની પોલીસ બપોર સુધી ગાંધીનગરમાં કાર્યકરોની બેઠક વાળા સ્થળોએ તથા કાર્યાલય આસપાસ તેમની અટકાયત કરવા માટે શોધતી રહી ગઈ હતી.

## વાતવાતમાં

● ઉત્તરાયણ પર્વ આડે ગણતરીના જ દિવસો બાકી રહ્યાં છે. જો કે શહેરના બાળકો શાળાએથી ઘરે આવ્યા બાદ તુરંત જ ધાબે ચઢી જાય છે અને પતંગ ચગાવવાનો આંનદ લૂંટવામાં વ્યસ્ત બની જાય છે.

● ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી થતા જીવલેણ અકસ્માતથી બચવા ટુ વ્હીલર્સ ચાલકો માટે સેફટી ગાર્ડ ઠેર ઠેર વેચાઈ રહ્યાં છે. નગરના સ્કૂટર બાઈક ચાલકોમાં સેફટીગાર્ડ લોકપ્રિય સાબિત થઈ રહ્યા છે.

● ગાંધીનગરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલ નજીક રોડ પર જ પાર્કિંગ કરતા ફોર વ્હીલર્સ વાહનોના કારણે ત્યાંથી પસાર થતા ટ્રાફિકને ભારે અચડણ પેદા થાય છે. વળી અહીં બસ ડેપોએ પોતાના સ્નેહીજનોને લેવા મૂકવા આવતા વાહનચાલકો સાઈડ સિગ્નલ બતાવ્યા વગર જ વળી જતા હોવાથી અકસ્માતની ભતિ સર્જાય છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## શહેરમાં અકસ્માતમાં ઘાયલ નીલગાયનું મોત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના માર્ગો પર નીલગાય અને વાહનો વચ્ચે અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. શહેરના ચ માર્ગ પર તાજેતરમાં કાર અને નીલગાય વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં નીલગાય પગમાં ગંભીર રીતે ઘાયલ થઈ હતી. નીલગાય આસપાસના સેકટર તેમજ વિધાનસભા,સચિવાલય વિસ્તારમાં ફરતી જોવા મળી હતી. વનવિભાગ ટીમ દ્વારા નીલગાયને સારવાર માટે સેકટર-૩૦ પશુ દવાખાને લઈ જવામાં આવી હતી. જયાં નીલગાયનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

ગતિશીલ ગુજરાતમાં ગાંધીનગર શહેરનો વિકાસ થયો છે. શહેરની આસપાસ આવેલા ગામડાઓમાં પણ શહેરીકરણની છાપ જોવા મળે છે. સાબરમતિ નદીના તટ વિસ્તારમાં પણ મોટા બંગલાઓ,ફલેટો, રોહાઉસની સ્કિમો ઉભી થવા પામી છે. રાજયના પાટનગરમાં મોટી મોટી ઈમારતોને પગલે ક્રોંકિટનું જંગલ લાગી રહ્યું છે. જેને પગલે વનવિસ્તાર ઓછો થતો ગયો છે જંગલમાં વિહરતા પશુ-પક્ષીઓ અને પ્રાણીઓને પણ કયાં રહેવું તેવી



પરિસ્થિત માનવજાતે સર્જી છે. શહેરના સેકટરોમાં અત્યારે હાલ ઘરમાં ડોકીયા કરતી નીલગાય જોવા મળે છે. જંગલ વિસ્તાર ન વધતા નીલગાય શહેરમાં પ્રવેશી છે. માર્ગો તેમજ રહેણાંક વિસ્તારમાં આટા મારતી નીલગાયને પગલે અકસ્માતોની સંખ્યા પણ વધવા પામી છે. આ અકસ્માતોમાં કયારેક નગરના વાહનચાલકોને ગંભીર ઈજા પહોંચે છે તો કયારેક નીલગાય પણ ગંભીર રીતે ઘાયલ થાય છે. શહેરના ચ માર્ગ પર તાજેતરમાં નીલગાય અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમા નીલગાયનો પગ તુટી ગયો હતો આ નીલગાય સેકટરો તેમજ વિધાનસભા તેમજ સચિવાલય વિસ્તારમાં ફરતી હતી અને રીબાતી હતી. આ ઈજા પહોંચેલી નીલગાય સેકટર-૨૧ ના ચ ટાઈપ વિસ્તારમાં ફરતી જોવા મળતા જાગૃત નાગરીકે વનવિભાગને જાણ કરી હતી. વનવિભાગની ટીમ તાત્કાલીક સે.૨૧ ખાતે પહોંચી હતી અને નીલગાયને સારવાર માટે સે.૩૦ પશુ દવાખાને લઈ ગયા હતા. જયા હાજર ડોકટર પ્રશાંત પંચલોટીયા, તેમજ તાલુકાના અન્ય એક ડોકટર સહિત કંમ્પાઉન્ડરે પગની સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ અચાનક તબિયત બગડતા નીલગાયે દમ તોડ્યો હતો. ડોક્ટરોએ અને બોરીજ રેન્જના વી.બી.વાઘેલા તેમજ સ્ટાફના માણસોએ નીલગાયને બચાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## કડી ખાતે સર્વ વિદ્યાલય સંકુલમાં વિવિધ સંસ્થાઓનો ઉદઘાટન સમારોહ

### શાળા, કોલેજો અને છાત્રાલયોનો ઉદઘાટન સમારોહ યોજાશે : સ્વ. માણેકલાલ પટેલની પ્રતિમાનું અનાવરણ તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિતરણ યોજાશે

ગાંધીનગર, તા.૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૨મી જાન્યુઆરીએ વિવિધ શાળાઓ, કોલેજો તથા છાત્રાલયોનો પ્રારંભ કરાઈ રહ્યો છે. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ સંચાલક સ્વ. માણેકલાલ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કરાશે તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિતરણ પણ યોજાશે. આ કાર્યક્રમ તા. ૧૨મી જાન્યુઆરીએ કડી ખાતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસમાં સવારે ૯ કલાકે યોજાશે.

ગુજરાત રાજયના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે યોજાનાર આ કાર્યક્રમમાં દાતાઓના હસ્તે વિવિધ સંસ્થાઓનો ઉદઘાટન સમારોહ યોજાશે. સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા સ્વ. માણેકલાલ એમ. પટેલની પ્રતિમાનું અનાવરણ કરાશે. આ કાર્યક્રમમાં ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ એન્ડ મલ્ટીપર્પઝ હોલ, ઈન્સ્ટીટયુટ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, કુમાર છાત્રાલય, સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કન્યા છાત્રાલય, ઈંગ્લીશ મિડીયમ છાત્રાલય, કોમ્પ્યુટર સેન્ટર, સેમિનાર હોલ, કોન્ફરન્સ હોલ, લાયબ્રેરી રૂમ, રિસર્ચ લેબોરેટરી, વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર વગેરેના ઉદઘાટન સમારોહ ઉપરાંત સર્વ વિદ્યાલય પરીવારના તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશીપનું વિતરણ પણ કરાશે. આ કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના સ્થાપક પૂ. છનગભાની પ્રતિમા દર્શન દ્વારા કરાશે. કાર્યક્રમમાં વિવિધ સંસ્થાઓના દાતાઓ તથા તેમના પરિવારજનો, આમંત્રિત મહેમાનો, સર્વ વિદ્યાલય સંચાલક મંડળ તથા કર્મચારીગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી ૭ જાન્યુઆરીને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં 'પેન્શનર સહયોગ' મુખપત્ર પ્રકાશનની કામગીરીની તબદીલી કરવા તેમજ મુખપત્રનું સને ૨૦૧૬-૧૭ માટે વાર્ષિક લવાજમ સ્વીકારવાની કામગીરી શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. સંસ્થાના સ્થાપક ટ્રસ્ટીઓના રાજીનામા અને અવસાનથી તેઓના નામ દફતરેથી કમી કરવાની કાર્યવાહીની જાણકારી, સંસ્થાના સને ૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો તથા વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીને બહાલ કરવા સામાન્ય સભાની બેઠકની તારીખ નક્કી કરવા અંગેની કામગીરી, હાલ કાર્યરત કાર્યવાહક સમિતિની મુદત માર્ચ ૨૦૧૬માં પૂર્ણ થતી હોઈ નવી કાર્યવાહક સમિતિની રચના કરવા સહિતના મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. ગાંધીનગર સંસ્થા પરિવારના તમામ પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તથા હાલના ટ્રસ્ટીઓને અચુક ઉપસ્થિત રહેવા પ્રવર મંત્રી ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

## કોટેશ્વર પાસે નદીની કોતરમાં એલસીબીએ દરોડો પાડી દેશી દારૂ ગાળવા વપરાતો ૮૦૯૦ લીટર વૉશ પકડી પાડયો : બુટલેગર વોન્ટેડ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર અમદાવાદ ઈન્દીરાબ્રીજ હાઈવે પર સ્થિત કોટશ્વર ગામની સીમમાં મધર ડેરીની પાછળના ભાગે નદીની કોતરમાં દેશી દારૂના ભઠ્ઠા ચાલતા હોવાની માહિતીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. કોટેશ્વર ખાતે રહેતા બચુ જામા ઠાકોરનો દેશી દારૂ ગાળવા વપરાતા વૉશના ૪૦ પીપ તથા ૬ ડબ્બા મળી કુલ ૮૦૯૦ લીટર વૉશનો જથ્થો મળી આવતા પોલીસે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. જો કે બુટલેગર બચુ ઠાકોર મળી આવ્યો ન હતો. વોન્ટેડ બુટલેગરની શોધખોળ શરુ કરવામાં આવી છે.

## ૧૮ લાખ લુંટી જનાર શખ્સોનું ત્રણ દિવસ બાદ પણ પગેરૂ મળતું નથી

ગાંધીનગર, તા.૫

બીજી જાન્યુઆરીએ મોડી સાંજે સે-૨૪માં સ્થિત આંગડીયા પેઢીના કર્મચારીને સે-૨૭ પાસે લુંટી લઈ રૂ. ૧૮ લાખ રોકડા સાથે પલ્સર પર આવલા બે લુંટારૂઓ ફરાર થઈ ગયા હતાં. આ ઘટનાને ત્રણ દિવસ વિતી ગયા તેમ છતાં હજુ સુધી લુંટારૂઓ સુધી પહોંચવાનું પગેરૂ પોલીસને મળ્યું નથી. સે-૨૪માં અને સર્કલો પર લાગેલા સીસીટીવી ફુટેજ પણ તપાસ્યા પરંતુ હજુ સુધી કોઈ કડી મળી શકી નથી.

સેકટર-૨૪ ખાતે સ્થિત પટેલ રાજેશકુમાર અમૃતલાલ આંગડીયા પેઢીનો કર્મચારી દેવડા નવીન તેનું પ્લેઝર (ટુ વ્હીલર) લઈને બીજી તારીખે સમી સાંજે તેના માલીકના ઘરે સે-૨૬માં જઈ રહ્યો

**સીસીટીવી ફુટેજ તપાસ્યા પણ કોઈ જ કડી પોલીસને ન મળી...!**

હતો. રૂ. ૧૮ લાખ રોકડા ભરેલી કોલેજ બેગ ખભે ભરાવીને રૂપિયા માલીકના ઘરે પહોંચાડવા નવીન જઈ રહ્યો હતો તે દરમિયાન સે-૨૭ મહારાણા પ્રતાપ સ્કુલ સામે તેના ખભેથી રૂપિયા ભરેલી બેગ આંચકીને લુંટ ચલાવી બ્લેક પલ્સર પર ડબલ સવારી આવેલા લુંટારૂઓ ફરાર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને તપાસ આરંભી હતી. જો કે આ ઘટનાને ત્રણ ત્રણ દિવસ થઈ ગયા બાદ પણ પોલીસને લુંટારૂઓ સુધી પહોંચવા માટેનો કોઈ જ કલ્યુ મળ્યો નથી. સર્કલો પરના સીસીટીવી ફુટેજ ઉપરાંત સે-૨૪ની રસ્તા પરની દુકાનોના સીસીટીવી ફુટેજ પણ તપાસ્યા પરંતુ પોલીસને કોઈ જ મહત્વની કડી મળી ન આવતા હાલ ૧૮ લાખની લુંટની તપાસમાં પોલીસ દિશાવિહીન છે.

## વનશ્રી ટ્રસ્ટે પક્ષી બચાવો અભિયાન હાથ ધર્યુ

### યુપીએસસીમાં પસંદગી પામનાર ઉત્સવ પરમાર તથા સાહસિક બુલેટ રાઈડર જયેન્દ્ર સોલંકીનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર હરિયાળુ શહેર છે જ્યાં ખુબ મોટી સંખ્યામાં વિવિધ પંખીઓ કુદરતી રીતે વસવાટ કરે છે. આગામી દિવસોમાં ઉત્તરાયણનું પર્વ નજીક આવી રહ્યું છે. આ પર્વમાં પતંગ રસિકોની દોરીથી ઘાયલ થતા પક્ષીઓની સંખ્યા મોટા પ્રમાણમાં રહેતી હોય છે. આથી પર્યાવરણના હિતમાં કાર્ય કરતી સંસ્થાઓ દ્વારા આ પક્ષીઓને બચાવવા વિશેષ પ્રયત્નો હાથ ધરાય છે. ગાંધીનગરની વનશ્રી ટ્રસ્ટ દ્વારા પણ તાજેતરમાં આ બાબતે બેઠક યોજી મકરસંક્રાંતિ પર્વ અંગે પક્ષી બચાવો અભિયાન હાથ ધરવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

વનશ્રી ટ્રસ્ટ ગાંધીનગરમાં પર્યાવરણના જતન તથા અબોલ જીવોના રક્ષણ માટે વિવિધ સેવાકાર્યો દ્વારા કાર્યરત છે. ગાંધીનગરની અન્ય સંસ્થાઓ આનો તાલ મિલાવી મકરસંક્રાંતિ પર્વે પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવે છે. મકરસંક્રાંતિ દરમ્યાન પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓની સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવે છે તથા નગરજનોને પક્ષી બચાવવા જાગૃતિ સંદેશ આપવામાં આવે છે.



વનશ્રી ટ્રસ્ટની મળેલ બેઠકમાં ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં રાખી આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સાથે આ કાર્યક્રમમાં તાજેતરમાં યુપીએસસીમાં પસંદગી પામી નવી દિલ્હી ખાતે દૂરદર્શનમાં સનદી અધિકારીનો ચાર્જ મેળવનાર ગાંધીનગરના પનોતા પુત્ર ઉત્સવ પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બુલેટરાઈડ દ્વારા જમ્મુ-કાશ્મિરના દુર્ગમ વિસ્તાર ખારદુંગલ પાસ ખાતે પહોંચનાર યુવા સાહસિક જયેન્દ્ર સોલંકીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જયેન્દ્ર સોલંકીએ પર્યાવરણ બચાવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, સ્વચ્છતા અભિયાન તથા બેટી બચાવો જેવા સંદેશ પોતાની સાહસિકરાઈડ દરમ્યાન આપી ટ્રસ્ટનું નામ રોશન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર પરમાર તથા પ્રદીપભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ... તો એ વાહનચાલકનું લાયસન્સ રદ કરો

## ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં ચાલકોના લાયસન્સ રદ કરવા માંગણી

ગાંધીનગર, તા.૫

ઘણી વખત સંકટ સમયે સુવિધા આર્શીવાદરૂપ બનતી હોય છે. પરંતુ આ સુવિધાનો કસમયે



ઉપયોગ આત્મઘાતી સાબિત થતો હોય છે. તેવું જ હાલમાં મોબાઈલના દુરુપયોગ ઉપરથી લાગી રહ્યું છે. માર્ગો ઉપર ચાલુ વાહને મોબાઈલ ઉપર વાત કરવી એ ગુન્હાહીત બાબત છે છતાં તેને અવગણીને કેટલાક વાહનચાલકો આ ગેરકાયદેસર પ્રવૃત્તિ બેરોકટોક કરી રહ્યા છે. જેથી સમાંતર અને આગળ પાછળના વાહનો માટે જોખમ ઉભુ થઈ રહ્યું છે. વધુમાં આવા વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બનતા હોય છે. જે માટે આ પ્રવૃત્તિ અટકાવવા તંત્ર એ આવા વાહનચાલકોના લાયસન્સ તાત્કાલીક રદ કરી દેવા જોઈએ તેવી માંગ અન્ય વાહલચાલકોએ કરી છે.

ટ્રાફિક નિયમન અંગે લોક જાગૃતિ કેળવવા તંત્રના અનેક પ્રયાસો છતાં વાહનચાલકો આ અંગે જાણી જોઈને બેદરકારી પૂર્વક વર્તતા જોવા મળી રહ્યા છે. જેમાં સૌથી ઘાતક બાબત ચાલુ વાહને મોબાઈલ ઉપર

**આગળ પાછળના વાહનો માટે આફતરૂપ આ પ્રવૃત્તિ, દરેક માર્ગો ઉપર અમુક ચાલકોની આ જીવલેણ કુટેવ નજરે પડે છે**

વાત કરતા રહેવું તે બહાર આવ્યું છે. મોબાઈલ એ શ્રેષ્ઠ સુવિધા બની છે પરંતુ તેનો વાહનચાલકો આ રીતે દુરુપયોગ કરતાં નજરે પડી રહ્યા છે. રાજયના તમામ માર્ગો ઉપર કેટલાક વાહનચાલકો આ જીવલેણ દુષણને અપનાવી આત્મઘાતી સાબિત કરી રહ્યા છે. તંત્ર દ્વારા આ અંગે કડક જોગવાઈ હોવા છતાં તેની અવગણના થઈ રહી છે. વધુમાં આવા વાહનચાલકો અન્ય વાહનચાલકો માટે પણ આફતરૂપ બની રહ્યા છે.

રાજયના શહેરોમાં મુખ્ય માર્ગો તેમજ હાઈવે ઉપર મુખ્યત્વે બાઈક ચાલકો, કાર ચાલકોમાં આ કુટેવ વધારે પ્રમાણમાં દેખાઈ રહી છે. તેજગતિએ વાહન ચલાવતી વખતે મોબાઈલ ઉપર વાત કરતાં કરતાં ચાલકોને કશું ધ્યાન રહેતું ન હોવાનું ભીખુસિંહ કે. રાઠોડ જણાવી રહ્યા છે તેઓ વધુમાં જણાવે છે કે આગળ પાછળ આવતા વાહનો માટે આવા ચાલકો આફત બને છે. પાછળ આવતા વાહનને સાઈડ આપતા નથી જેમાં સતત હોર્ન અને લાઈટ બતાવવા છતા મોબાઈલ ઉપર જ ચાલકનું ધ્યાન રહે છે. સાઈડ



સિગ્નલ બતાવ્યા વગર અચાનક વળી જવું કે ઓવરટેઈક કરવા જેવી પ્રવૃત્તિ પણ મોબાઈલ ઉપર વાત કરતાં કરતાં થતી હોય છે. માર્ગ વચ્ચે વાહન હંકારી અન્ય વાહનો માટે અડચણ રૂપ બનતા હોય છે. આમ આવા વાહનચાલકોની મનોદશા મોબાઈલ પૂરતી સિમિત બની જતાં અકસ્માતો થતાં હોય છે. ઘણી વખત અન્ય વાહનચાલકોને અકસ્માત માટે મજબૂર કરી દેતા હોય છે. જેથી તંત્ર આવા વાહનચાલકો વિરૂધ્ધ કડક હાથે કાર્યવાહી હાથ ધરી તાત્કાલિક ધોરણે લાયસન્સ રદ કરી કાર્યવાહી કરે તે માર્ગ સલામતી માટે જરૂરી બન્યુ હોવાનું વાહનચાલકો જણાવી રહ્યા છે.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા નિઃશુલ્કપણે મેડીકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૫

વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૯મી જાન્યુઆરીને શનિવારના રોજ સેકટર-૧૨, વિશ્વકર્મા મંદિર ખાતે વિના મૂલ્યે મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન બીપી, બ્લડ ગ્રુપ, ડાયાબીટીસ, ઈસીજી રીપોર્ટ તેમજ જનરલ મેડીકલ ચેક અપ કરવામાં આવશે. આ મેડીકલ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ સમાજની ઓફસની તા. ૮ જાન્યુઆરી પહેલા રૂબરૂ મુલાકાત લઈ રજીસ્ટ્રેશન કરાવવા સમાજના પ્રમુખ કચરાભાઈ ગજ્જરે જણાવ્યું છે.

## સે-૨૩ સ્વામિનારાયણ વિદ્યાલયમાં આતંકવાદ ઉપર આજે વકતવ્ય

ગાંધીનગર, તા.૫

ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા વિચાર ગોષ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૬ જાન્યુઆરીના રોજ સાંજે ૬.૩૦ કલાકે સેકટર-૨૩ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે વિચાર ગોષ્ઠિમાં પ્રોફેસર ડૉ. શંકરશરણ અને પ્રોફેસર એમ.એસ. યુનિ. દ્વારા વૈશ્વિક સંદર્ભમાં આઈએસઆઈએસ પ્રેરિત આતંકવાદ વિષય ઉપર વકતવ્ય આપવામાં આવશે. આ કાર્યક્રમ નિઃશુલ્ક પણે થવાનો હોઈ નગરના પ્રબુદ્ધ નાગરિકોને ઉપસ્થિત રહેવા મંચના સહમંત્રી વસંત પટેલે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર રતનબેન રાયચંદભાઈ, ઉ.વ.૯૦
- સ્વ. પટેલ બબલદાસ પુંજારામ, ઉ.વ.૮૨